e MAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 223
April 09, 2010

## "સ્વર્ણિમ ગુજરાત વર્ષ – ૨૦૧૦" નિમિત્તે કતારગામ ઝોનમાં સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન



ગુજરાત રાજયની સ્થાપનાને ૫૦ વર્ષ પુરા થતાં હોય સને ૨૦૧૦ ના વર્ષને "સ્વર્ણિમ ગુજરાત વર્ષ" તરીકે ઉજવવાનું નકકી થયેલ છે. જે નિમિત્તે ગુજરાત સરકારની સૂચના મુજબ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા જણાવેલ છે. જે અંતર્ગત તા. ૦૩/૦૪/૨૦૧૦ ના રોજ નોર્થ ઝોનમાં સાંજે ૦૪:૦૦ કલાકે પારસ ન. પ્રા. શાળા ક્રમાંક ૧૧૩–૧૧૪, કતારગામ રોડ, સુરત ખાતે સુશોભન સ્પર્ધા તથા વોલ પેઈન્ટીંગ સ્પર્ધાના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>



## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૧/૪/૨૦૧૦ થી તા. ૩/૪/૨૦૧૦ દરમ્યાન રાત્રે ૮.૦૦ કલાકે જવાહરલાલ નહેરુ ઉદ્યાન (ચોપાટી) અઠવાલાઈન્સ,સુરત ખાતે ભારતીય શાસ્ત્રીય સંગીત સમારોહ "દિનકર સુરોત્સવ ૨૦૧૦" નું આયોજન

સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૧/૪/૨૦૧૦ થી તા. ૩/૪/૨૦૧૦ દરમ્યાન રાત્રે ૮.૦૦ કલાકે જવાહરલાલ નહેરુ ઉદ્યાન (ચોપાટી) અઠવાલાઈન્સ, સુરત ખાતે ભારતીય શાસ્ત્રીય સંગીત સમારોહ "દિનકર સુરોત્સવ – ૨૦૧૦" નું આયોજન કરવામાં આવેલ હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાના સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોનના અલથાણ હેલ્થ સેન્ટર ખાતે વિનામૂલ્યે "નિદાન અને સારવાર કેમ્પ" સાથે "રકતદાન કેમ્પ"



ગુજરાત સરકારના "સ્વર્ણિમ ગુજરાત" અંતર્ગત સુરત મહાનગરપાલિકાના સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોનના અલથાણ હેલ્થ સેન્ટર ખાતે વિનામૂલ્યે "નિદાન અને સારવાર કેમ્પ" સાથે "રકતદાન કેમ્પ" તા. ૦૭–૦૪–૧૦ ના રોજ રાખવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>



## "સ્વર્ણિમ ગુજરાત વર્ષ – ૨૦૧૦" અંતર્ગત સુરત મહાનગરપાલિકાના લિંબાયતઝોન ધ્વારા ગોડાદરા હેલ્થ સેન્ટર ખાતે મફત સર્વ રોગ નિદાન સારવાર શિબિર તથા રકતદાન શિબિરનું આયોજન

"સ્વર્ણિમ ગુજરાત વર્ષ – ૨૦૧૦" અંતર્ગત સુરત મહાનગરપાલિકાના લિંબાયતઝોન ધ્વારા ગોડાદરા હેલ્થ સેન્ટર ખાતે મફત સર્વ રોગ નિદાન સારવાર શિબિર તથા રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં સ્મીમેર હોસ્પિટલના વિવિધ નિષ્ણાંત તબીબો ધ્વારા સ્ત્રીરોગ, બાળરોગ, સર્જન અને જનરલ મેડીસીનના ૨૮૧ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત શહેરમાં મળેલ રાષ્ટ્રિય બેઠકમાં શહેરી આરોગ્ય સોસાયટીની રચના કરવામાં આવી

સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ તેમજ અર્બન, સોશ્યલ હેલ્થ એડવોકેસી એન્ડ એલાયન્સ (**USHAA**) નાં સંયુકત ઉપક્રમે તા. ૩–૪–૧૦ નાં રોજ સુરત મહાનગરપાલિકાનાં કમિશનરશ્રીની અધ્યક્ષતામાં "તંદુરસ્ત શહેરોમાં તંદુરસ્ત નાગરિકો" નાં ધ્યેયની પૂર્તતાની પ્રક્રિયામાં સહભાગીતા માટે "અર્બન હેલ્થ સોસાયટી ઓફ ઈન્ડીયા" ની ફાઉન્ડેશન મીટીંગનું સુરત મહાનગરપાલિકાનાં સરદાર ખંડ ખાતે આયોજન કરવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "સ્વર્ણિમ ગુજરાત વર્ષ – ૨૦૧૦" નિમિત્તે કતારગામ ઝોનમાં સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન



ગુજરાત રાજયની સ્થાપનાને ૫૦ વર્ષ પુરા થતાં હોય સને ૨૦૧૦ ના વર્ષને "સ્વર્ણિમ ગુજરાત વર્ષ" તરીકે ઉજવવાનું નકકી થયેલ છે. જે નિમિત્તે ગુજરાત સરકારની સૂચના મુજબ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા જણાવેલ છે. જે અંર્તગત તા. ૦૩/૦૪/૨૦૧૦ ના રોજ નોર્થ ઝોનમાં સાંજે ૦૪:૦૦ કલાકે પારસ ન. પ્રા. શાળા ક્રમાંક ૧૧૩–૧૧૪, કતારગામ રોડ, સુરત ખાતે સુશોભન સ્પર્ધા તથા વોલ પેઈન્ટીંગ સ્પર્ધાના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

સાંજે ૭.૦૦ કલાકે પારસ ન.પ્રા.શાળા ક્રમાંક ૧૧૩–૧૧૪, કતારગામ રોડ, સુરત ખાતે યોજાયેલ કાર્યક્રમમાં સ્વાતંત્ર્ય સેનાનીઓ, શહેરના વિકાસમાં નોંધપાત્ર ફાળો આપનાર તેમજ વિવિધ ક્ષેત્રમાં નોંધપાત્ર સિધ્ધિ મેળવનારાઓનું સન્માન તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમમાં સૌ પ્રથમ મહાનુભાવો દ્વારા દિપ પ્રાગટય કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ સ્વાતંત્ર્ય સેનાનીઓને શાલ ઓઢાડી, સન્માનપત્ર અર્પણ કરવામાં આવ્યા હતા. વિવિધ ક્ષેત્રમાં નોંધપાત્ર સિધ્ધિ મેળવનારાઓને મોમેન્ટો તેમજ પ્રમાણપત્ર એનાયત કરી તેમનું સન્માન કરવામાં આવ્યુ હતું. નોર્થ ઝોનના ઝોનલચીફ એવા ડે.કમિશનરશ્રી(પ. અને ઈ.) સી.જે.ગામીતે મંચસ્થ મહાનુભાવો અને હાજર શહેરની જનતાને આવકાર્યા હતા.

મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ તેમના પ્રવચનમાં જણાવ્યુ હતું કે આજના કાર્યક્રમનો એક ભાગ છે વયવંદના અને ૠણસ્વીકાર. સામાન્ય રીતે આ વિસ્તારમાં ત્રણ ત્રણ સ્વાંતંત્ર્ય સેનાનીને સન્માન કરવાનો સુરત મહાનગરપાલિકાને મોકો મળ્યો છે. અંગ્રેજોને આ શહેરમાંથી ભગાવવા માટે આ લોકોએ બહુ મહેનત કરેલ છે. ગુજરાત રાજયને પાંચ એવોર્ડ મળ્યા છે પણ છટ્ઠો એવોર્ડ પણ એની સાથે છે. સુરત શહેર રાજય કે વિશ્વનું એક નંબરનું શહેર બની રહે. આ શહેરને ગુજરાતના નકશામાં મુકવા માટે આ ઉર્જા અને શકિત છે. સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં જે લોકો સ્થાન મેળવે છે એમાં પણ અમારું સ્થાન છે.

સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલે જણાવ્યું હતું કે સચીન તેંડુલકર વિક્રમ કરતો જાય છે તેમ આપણે પણ ૮૨૨ કરોડના વિકાસના કામનો રેકોર્ડ તોડીએ. ગુજરાત રાજય ભારત દેશના ગોથરેટને આંબી જાય છે તેમ આપણે પણ ગુજરાત રાજયના ગોથરેટને આંબી શકીએ. અને ગુજરાતમાં સુરતને આગવી છાપ તરીકે ઉભી કરીએ.

શાસકપક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલે તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે ગુજરાતનું જે રીતે નામ ભારતમાં અને વિશ્વમાં બન્યું છે એ રીતે સુરતનું નામ ગુજરાતમાં બન્યું છે.સૌરાષ્ટ્રવાસી તરીકે સુરતને આપણી કર્મભૂમિ બનાવી છે.






સાંજે યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં નોર્થ ઝોન વિસ્તારની શાળાના વિદ્યાર્થીઓએ વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી. અંતમા સમાજકલ્યાણ, આનંદપ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષશ્રી, શ્રીમતિ મંજુલાબેન સાવલીયાએ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા બદલ સૌનો આભાર માન્યો હતો. આ પ્રસંગે વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ, મ્યુ.અધિકારીશ્રીઓ તથા જાહેર જનતાએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૧/૪/૨૦૧૦ થી તા. ૩/૪/૨૦૧૦ દરમ્યાન રાત્રે ૮.૦૦ કલાકે જવાહરલાલ નહેરુ ઉદ્યાન (ચોપાટી) અઠવાલાઈન્સ,સુરત ખાતે ભારતીય શાસ્ત્રીય સંગીત સમારોહ ''દિનકર સુરોત્સવ ૨૦૧૦'' નું આયોજન



સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૧/૪/૨૦૧૦ થી તા. ૩/૪/૨૦૧૦ દરમ્યાન રાત્રે ૮.૦૦ કલાકે જવાહરલાલ નહેરુ ઉદ્યાન (ચોપાટી) અઠવાલાઈન્સ, સુરત ખાતે ભારતીય શાસ્ત્રીય સંગીત સમારોહ ''દિનકર સુરોત્સવ – ૨૦૧૦'' નું આયોજન કરવામાં આવેલ હતું.

ત્રણ દિવસના આ શાસ્ત્રીય સંગીત સમારોહમાં તા. ૧/૪/૨૦૧૦ના રોજ સૌ પ્રથમ શાસ્ત્રીય રાગ પર આધારિત ભાવવાહી પ્રાર્થનાથી સુંદર શરૂઆત કરવામાં આવી હતી. કમિશ્નરશ્રીએ માન.મેયરશ્રી, સાંસદશ્રી દર્શનાબેન જરદોષ, ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાલા તથા અન્ય મહાનુભાવોનું સ્વાગત કરતા જણાવ્યું હતુ કે સુંદર શહેર ફકત ઈંટ,રેતી,પત્થર કે લોખંડના સળીયાથી નથી બનતું પરંતુ સુંદર શહેરનું નિર્માણ તેમાં વસતા શહેરીજનોની વાણી,વર્તન,વ્યવહાર અને સંસ્કારથી થાય છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ઘણા સમયથી આવા શાસ્ત્રીય સંગીતના કાર્યક્રમનું આયોજન કરવાની યોજના હતી જે આજે પૂર્ણ થાય છે. પાશ્ચાત્ય સંગીત મનને ઉત્તેજીત કરે છે જયારે ભારતીય શાસ્ત્રીય સંગીત મનને શાંતિ અર્પે છે. ભારતીય શાસ્ત્રીય સંગીતને લોકોના બહોળા વર્ગ સુધી પહોંડાવવાનાં સુરત મહાનગરપાલિકાના નમ્ર પ્રયાસ છે એમ તેમણે જણાવ્યું હતું.

ત્યારબાદ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યુ હતું. અને સર્વે મહાનુભાવોઓ ધ્વારા દીપપ્રાગટય કરવામાં આવ્યું હતુ.

મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ તેમના પ્રવચનમાં જણાવ્યું હતુ કે સુવિધાયુકત શહેરને સંગીતમય સુરત બનાવવા માટે આપણે સૌ અત્રે એકઠા થયા છીએ. અમીરખુશરોએ શાસ્ત્રીય સંગીતને વેગ આપ્યો. આજે અહી પધારેલ રાષ્ટ્રીય, આંતર રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કલાકારોની હાજરી આપણા સૌ માટે ગૌરવની વાત છે. આજના શાસ્ત્રીય સંગીતના કાર્યક્રમ ધ્વારા શહેરની સંગીતપ્રેમી જનતાને સંગીતની ભેટ આપવાનો આ એક નમ્ર પ્રયાસ છે. સુરત મહાનગરપાલિકાએ નાઝર ફેમીલી અને શહેરની કલાસંસ્થા સ્વરસંગમ ધ્વારા આ શુધ્ધ કાર્યક્રમના આયોજન બદલ સૌને અભિનંદન આપ્યા હતા. મહાનુભાવો ધ્વારા સૌ કલાકારોનું શાલ ઓઢાડી અને પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યુ હતું.

સો પ્રથમ રાગ ''જોગ'' થી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. વાયોલીન વાદનના આ કાર્યક્રમમાં વાયોલીન અને તબલાની જુગલબંધી રંગત જમાવી હતી. ત્યારબાદ શાસ્ત્રીયરાગ આધારિત લોકપ્રિય ભજન ''પાયોજી મેને રામ રતન ધન પાયો'' ની વાયોલીનની ધૂન રજુ કરવામાં આવી હતી. અને ભકિતમય વાતાવરણ ઉભુ થયું હતું.





ત્યારબાદ કલાકારો ધ્વારા વાયોલીન ઉપર રાગ ''યવેરા'' અને બનારસ ઘરાનાનો રાગ ''ખમાજઠુમરી'' પ્રસ્તુત કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન વાયોલીન વાદનના આરોહ, અવરોહની સાથે સાથે તબલાવાદકે સુંદર સાથ આપ્યો હતો. બંનેની જુગલબંધીએ સુંદર, અલૌકિક વાતાવરણ સર્જ્યુ હતું. ભારતીય શાસ્ત્રીય સંગીતના આ સુંદર કાર્યક્રમને હાજર વિશાળ સંગીતપ્રેમી જનતાએ રસપૂર્વક માણ્યો હતો.

TOP

## સુરત મહાનગરપાલિકાના સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોનના અલથાણ હેલ્થ સેન્ટર ખાતે વિનામૂલ્યે ''નિદાન અને સારવાર કેમ્પ'' સાથે ''રકતદાન કેમ્પ''



ગુજરાત સરકારના ''સ્વર્ણિમ ગુજરાત'' અંતર્ગત સુરત મહાનગરપાલિકાના સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોનના અલથાણ હેલ્થ સેન્ટર ખાતે વિનામૂલ્યે ''નિદાન અને સારવાર કેમ્પ'' સાથે ''રકતદાન કેમ્પ'' તા. ૦૭–૦૪–૧૦ ના રોજ રાખવામાં આવેલ. જેમાં સુરત મહાનગરપાલિકાના આરોગ્ય સમિતિના ચેરમેન શ્રીમતિ સ્મિતાબેન પટેલ, શ્રી રાજેશભાઈ દેસાઈ, શ્રી રાજુભાઈ દેસાઈ, કિર્તિભાઈ શાહ, ર્ડા. સુષ્માબેન અગ્રવાલ, શ્રીમતિ સ્વાતિબેન ભટ્ટ, શ્રીમતિ સુરુચિબેન પટેલ તેમજ સ્થાનિક વોર્ડના કોર્પોરેટરશ્રીઓ મુકેશભાઈ પટેલ, શ્રી વિવેકભાઈ પટેલ, શ્રી જશવંતભાઈ ગાયકવાડ, શ્રી રાજુભાઈ બોસ વિગેરેની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ રાખવામાં આવેલ. જેમાં આરોગ્ય સમિતિ ચેરમેન શ્રીમતિ સ્મિતાબેન પટેલના પ્રાસંગિક પ્રવચન ધ્વારા આ કેમ્પનો મહતમ લાભ લઈ લોકોમાં રોગો વિશેની જન–જાગૃતિ આવે અને સમયસર સારવાર અને નિદાન થઈ શકે તે હેતુસર આ કેમ્પમાં ભાગ લીધેલ વ્યકિતઓએ તેની આજુ બાજુ રહેતા તમામ લોકોને આ ફી કેમ્પનો લાભ લેવા જણાવવામાં આવેલ. તદઉપરાંત ઝોનના ડે. કમિશ્નરશ્રી(સ્પે.) પ્રદિપસિંહ ઝાલાએ રકતદાન કેમ્પમાં સૌ મિત્રો રકતદાન કરી જરૂરિયાત મંદોને સમયસર લોહી પુરું પાડી કોઈકની જીંદગી બચાવી શકાય તેવા પ્રકારની ઉમદાકાર્ય કરવા બદલ રકતદાતાઓને અભિનંદન પાઠવેલ. તેમજ આ સામાજીક પ્રકારની પ્રવૃતિમાં ભાગ લેવા બદલ તમામ રકતદાતાઓને પણ પ્રોત્સાહન આપેલ. આ સમગ્ર કેમ્પનું આયોજન કરનાર ઝોનના નાયબ આરોગ્ય અધિકારીશ્રી ર્ડા. પ્રદિપ ઉમરીગર અને મેડીકલ ઓફીસરશ્રી ર્ડા. જી.ડી. સુરતીએ આભાર વ્યકત કરેલ. જેમાં નીચે જણાવેલ લાભાર્થીઓએ આ કેમ્પમાં દર્દીઓએ ભાગ લીધેલ.

ઉપરોકત કાર્યક્રમ દરમ્યાન હેલ્થ કેમ્પમાં કુલ ૬૯ યુનિટ રકતદાતાઓ પાસે મેળવવામાં આવેલ વિવિધ રોગોની જાણકારી આપી કુલ– ૧૭૫ દર્દીઓને મફત સારવાર આપવામાં આવેલ જેમાં ફીઝીશયનના –૬૯, સર્જરી–૦૮,પીડ્રયાટ્રીક–૨૧, ગાયનેક–૩૮ તથા જનરલ ઓ.પી.ડી.–૩૯ એ લાભ લીધેલ અને તેના માટે લેવા જોગ સાવચેતીના પગલાના ભાગરૂપે જાહેર જનતા માટે આરોગ્ય વિભાગ ધ્વારા જુદા જુદા મચ્છરની ઉત્પતિ અને ''મચ્છરનું જીવનચક્ર'' વિશ લાઈવ ડેમોસ્ટ્રેશન તેમજ બાળકોના સર્વાગી વિકાસ માટે નિયત સમય –મર્યાદામાં વિવિધ રસીઓ બાળકોને પીવડાવવી તે રસીકરણનું ડેમોસ્ટ્રેશન રાખવામાં આવેલ અને વધુ વિશેષ **HIV** (એઈડ્રસ)ના જાતિયરોગ વિશેની વિસ્તૃત માહિતીનું ડેમોસ્ટ્રેશન રાખી કાર્યક્રમને સફળ બનાવવામાં આવેલ.

TOP

## "સ્વર્ણિમ ગુજરાત વર્ષ – ૨૦૧૦" અંતર્ગત સુરત મહાનગરપાલિકાના લિંબાયતઝોન ધ્વારા ગોડાદરા હેલ્થ સેન્ટર ખાતે મફત સર્વ રોગ નિદાન સારવાર શિબિર તથા રકતદાન શિબિરનું આયોજન

"સ્વર્ણિમ ગુજરાત વર્ષ – ૨૦૧૦" અંતર્ગત સુરત મહાનગરપાલિકાના લિંબાયતઝોન ધ્વારા ગોડાદરા હેલ્થ સેન્ટર ખાતે મફત સર્વ રોગ નિદાન સારવાર શિબિર તથા રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં સ્મીમેર હોસ્પિટલના વિવિધ નિષ્ણાંત તબીબો ધ્વારા સ્ત્રીરોગ, બાળરોગ, સર્જન અને જનરલ મેડીસીનના ૨૮૧ દર્દીઓને તપાસીને તેઓને સારવાર આપવામાં આવી હતી. જયારે સ્મીમેર રકતદાન કેન્દ્ર ધ્વારા ૪૩ નંગ બોટલ રકત એકત્ર કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત વાહકજનિત રોગ નિયંત્રણ વિભાગ, એસ.ટી.ડી. આર.ટી.સી.પી. તથા આઈ.ઈ.સી. ધ્વારા મેલેરીયા, ફાઈલેરીયા, સ્વાઈનફલુ, એઈડસ જેવા રોગોથી બચવા માટેનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જે મોટી સંખ્યામાં લોકોએ નિહાળ્યું હતું. સફાઈ તથા આરોગ્ય અંગેની જાગૃતિ માટેનું માર્ગદર્શન પણ પુરુ પાડવામાં આવ્યું હતું.





આ પ્રસંગે સુરત મહાનગરપાલિકાની રૂગ્ણાલય સમિતિના અધ્યક્ષશ્રી સતીષભાઈ પટેલ તેમજ કોર્પોરેટરો સર્વશ્રી ડો.વિનોદભાઈ પાટીલ, ડો.શરદ ચૌધરી, શ્રી સંજયભાઈ પાટીલ, શ્રી દયાશંકરસીંગ, શ્રીમતી નયનાબેન નાયક, શ્રીમતી કવિતાબેન કેરમકોન્ડા વિ. ઉપસ્થિત રહયા હતા. લિંબાયતઝોનના વડા અને સીટી ઈજનેરશ્રી વી.ડી.પટેલ, નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો. હરરાય ભટ્ટ, શ્રી ડો. કે. આઈ. ખત્રી, ડે. ઈજનેરશ્રી જે.એલ.ભટ્ટ, શ્રી એન.એલ.પટેલ વિ. પણ ઉપસ્થિત રહયા હતા. આ બંને શિબિરોને સફળ બનાવવા માટે લિંબાયતઝોનના સ્ટાફ, ગોડાદરા હેલ્થ સેન્ટરનો સ્ટાફ, આંગણવાડી કાર્યકર બહેનો તથા સામાજીક કાર્યકરોએ યોગદાન આપ્યું હતું.

TOP

## સુરત શહેરમાં મળેલ રાષ્ટ્રિય બેઠકમાં શહેરી આરોગ્ય સોસાયટીની રચના કરવામાં આવી

સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ તેમજ અર્બન, સોશ્યલ હેલ્થ એડવોકેસી એન્ડ એલાયન્સ (**USHAA**) નાં સંયુકત ઉપક્રમે તા. ૩–૪–૧૦ નાં રોજ સુરત મહાનગરપાલિકાનાં કમિશ્નરશ્રીની અધ્યક્ષતામાં ''તંદુરસ્ત શહેરોમાં તંદુરસ્ત નાગરિકો'' નાં ધ્યેયની પૂર્તતાની પ્રક્રિયામાં સહભાગીતા માટે ''અર્બન હેલ્થ સોસાયટી ઓફ ઈન્ડીયા'' ની ફાઉન્ડેશન મીટીંગનું સુરત મહાનગરપાલિકાનાં સરદાર ખંડ ખાતે આયોજન કરવામાં આવેલ.

ઉપરોકત મીટીંગમાં ગુજરાત રાજયના અર્બન હેલ્થ ડીપાર્ટમેન્ટનાં અધિકારીઓ, રાજયની મેડીકલ કોલેજ, પી.એસ.એમ. વિભાગનાં વડાઓ, પ્રોજેકટ ઓફીસરો/કો. ઓર્ડીનેટરો તેમજ વિવિધ તબીબી સંસ્થાઓ/એસોસીએશનનાં પ્રમુખો/ હોદ્દેદારો ઉપરાંત સરકારી/બિનસરકારી સંસ્થાનાં પ્રતિનિધિઓ તેમજ બેંગ્લોર, મદ્રાસ, હૈદરાબાદ, તમિલનાડુ, ચંદીગઢ જેવા શહેરોનાં ડાંકટરો તથા સુરત મહાનગરપાલિકાનાં આરોગ્ય ખાતાનાં અધિકારીઓ હાજર રહેલ.

મીટીંગ શરૂઆતમાં પ્રાસંગિક પ્રવચનમાં ર્ડા. વિકાસબેન દેસાઈએ શહેરકરણ અને ઔદ્યોગીકરણને કારણે શહેરોની વસ્તીમાં થતો વધારો અને આરોગ્ય સેવાઓ ઉપર ભારણ, શહેરી વિસ્તારોની પ્રાથમિક જરૂરિયાતો તેમજ તેમનાં આરોગ્યનાં વિવિધ પાસાઓ અંગે ચર્ચા કરી.

ગામડામાં વસતાં ગરીબો કરતા શહેરી સ્લમ અને સ્લમ લાઈક વિસ્તારોમાં વસતાં ગરીબોની આરોગ્યની સમસ્યાઓ ઘણી ગંભીર હોય છે. બાળકોનાં રસીકરણ, પોષણ સબંધી સમસ્યાઓ, સગર્ભા માતાઓની સારવાર – સંસ્થાકીય પ્રસૂતિ, ફેમીલી પ્લાનીંગ કામગીરી તેમજ બિનસંચારી રોગો જેવા કે ડાયાબીટીસ, બ્લડપ્રેશર હદયરોગ, કેન્સર, અકસ્માત જેવા રોગોનો વધતો જતો વ્યાપ. જેવા વિષયો બાબતે સુગઠિત માળખાકીય સેવાઓ, ઈન્ફ્રાસ્ટ્રકચર અને સારવાર અંગેની ચોકકસ માર્ગદર્શિકા તૈયાર કરવા પર ભારણ મુકયું.

કમિશ્નરશ્રી તરફથી શહેરી ગરીબોને લગતાં આરોગ્યલક્ષી પ્રશ્નોની ગંભીરતા જણાવી સુરત શહેરનાં વિકાસ તથા નવા આવરીત વિસ્તારોની અંદાજીત ૪૫,૦૦,૦૦૦ વસ્તી સામે ૩૭ જેટલા અર્બન હેલ્થ સેન્ટર/ મેટરનીટી હોમ, ૨ હોસ્પીટલો તેમજ નવા વિસ્તારમાં મોબાઈલ મેડીકલ ટીમો મારફતે આરોગ્યની સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે તેમજ શહેરી ગરીબો માટે ૭૬૮ જેટલી આંગણવાડીઓ કાર્યરત છે. નવા વિસ્તારોમાં સેવાકીય વ્યાપ વધારવા સુચન કર્યુ.

ઉપસ્થિત રહેલ જુદા જુદા શહેરનાં પ્રતિનિધિઓએ તેમનાં અનુભવોની રજુઆત કરી અને ''બ્રેઈન સ્ટોરમીંગ'' અતર્ગત શહેરી ગરીબોનાં આરોગ્યલક્ષી પ્રશ્નોનાં ઉકેલ અંગે પોતાનાં મંતવ્યો રજુ કરેલ. હાજર રહેલ કુલ–૧૧૮ જેટલા સભ્યોએ ''અર્બન હેલ્થ સોસાયટી ઓફ ઈન્ડિયા'' ની રચના ૩ જી એપ્રિલથી થયેલ જાહેર કરવામાં આવી. આ સોસાયટીની આગળની કાર્યવાહી માટે ટ્રાસ્કફોર્સની રચના કરવામાં આવી છે. અને તેના કન્વીનર પદે ર્ડા. વિકાસ દેસાઈને જવાબદારી સોંપવામાં આવી છે. આવતા સમયમાં આ સોસાયટી ધ્વારા માહિતીપ્રદ વેબસાઈટનું નિર્માણ કરવામાં આવશે. રાજય તથા રાષ્ટ્રિય કક્ષાની કોન્ફરન્સોનું આયોજન તેમજ સંશોધનો હાથ ધરવા માટે શહેરી આરોગ્ય અંગે વિવિધ કક્ષાનાં પરામર્શ અને ભલામણોની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. સુરત શહેરને દેશમાં શહેરી આરોગ્ય માટે સહુ પ્રથમ રાષ્ટ્રિયકક્ષાની સોસાયટીનું નિર્માણ કરવા સક્રિય પ્રદાન કરવાનું શ્રેય પ્રાપ્ત થયું છે.

TOP